આ ગાંધીનગરની રીક્ષા છે સાહેબ.. અહીં જયારે દિવસે રોડ ઉપરની લાઈટો ચાલુ રહી જાય છે ત્યારે તે દિવસે અમે દોઢું ભાડું વસુલ કરીએ છીએ બોલો...

આજે ગાંધીનગરમાં અનોખો 'હાસ્યોત્સવ' ઉજવાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સમસ્ત પ્રજ્ઞા પરિવાર અભ્યુદય ટ્રસ્ટ તથા યુવા પ્રજ્ઞા દ્વારા આજે તા. ૨૫-૮-૧૨ના રોજ રાતના ૯.૦૦ કલાકે સેકટર-૧૨માં આવેલ આંબેડકર ભવનમાં અનોખા 'હાસ્યોત્સવ'નો કાર્યક્રમ મહેફીલ સ્વરૂપે યોજાશે.

ગુજરાતના પ્રશ્નોરા બ્રાહ્મણ જ્ઞાતિ તેની મૌલિક હાસ્ય અભિવ્યકિત માટે જાણીતી છે. આ જ્ઞાતિની વન લાઈનર હાસ્ય કંડીકાઓ તો ખુબ જાણીતી છે. દા.ત. દરવાજા ઉપર વાળ ચોંટયા હોય તો તેને શું કહેવાય? જવાબ છે-દ્વારકેશ. આવા ચોખ્ખા અને મનને પુલકીત કરી મુકે તેવા હાસ્યનો કાર્યક્રમ જ્ઞાતિના જ કલાકારો દ્વારા યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં શ્રી હરિકૃષ્ણ પાઠક, શ્રી ભર્ગદેવ ભટ્ટ, શ્રી મનહર શુકલ, શ્રી ભકિત જોષી, શ્રી દિવાન પંડયા, શ્રી દર્શન મહેતા, શ્રી નિરવ જોષી તથા શ્રી શૈલેષ ભટ્ટ ભાગ લેશે. કાર્યક્રમનું સંચાલન શ્રી મનોજ શુકલ કરશે. આ કાર્યક્રમમાં પ્રવચન, પ્રશ્નોત્તરી તથા મૌલિક અભિવ્યકિતનો પણ સમાવેશ કરાયો છે. જે ભરપુર હાસ્ય નિપજાવી આપશે. ગુજરાતના જાણીતા હાસ્યકારો શ્રી શહાબુદ્દીન રાઠોડ, વિનોદ ભટ્ટ, શ્રી અશોક દવેએ જાહેર મંચ ઉપરથી સ્વીકાર્યું છે કે મૌલિક અનેસુંદર હાસ્ય એ પ્રશ્નોરા બ્રાહ્મણ જ્ઞાતિની વારસાગત નીપજ હોય છે. અને તેઓને પણ હાસ્યનો ખજાનો આ જ્ઞાતિમાંથી નિયમિત રીતે મળતો રહે છે. આવા નિર્દોષ હાસ્યની સર્જક જ્ઞાતિના અગ્રણી હાસ્યકાર મિત્રો એક મંચ ઉપર બેસીને સૌને હસાવવાના છે. આ કાર્યક્રમના નિમંત્રણ કાર્ડ જ્ઞાતિ બંધુઓને પાઠવી દેવામાં આવ્યા છે. પરંતુ ન મળે તો તેનીચિંતા કર્યા વગર ઉપસ્થિત રહેવા આયોજકો તરફથી વિનંતી કરાઈ છે. વળી, હાસ્યને કોઈ જ્ઞાતિ હોતી નથી. તેથી રસ ધરાવતા સૌલોકોને આ કાર્યક્રમ માણવા પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

મહેસાણામાં અસાઈત સાહિત્ય સભા દ્વારા સુરેશ દલાલને અનોખી અંજલિ

ગાંધીનગર, તા.૨૪

અસાઈત સાહિત્ય સભાના ઉપક્રમે મહેસાણા ખાતે ગત તા. ૧૮ ઓગષ્ટ શનિવારના રોજ કવિશ્રી સુરેશ દલાલની સ્મૃતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

મહેસાણાની ચૌધરી મહિલા કોલેજ કેમ્પસમાં અસાઈત સાંસ્કૃતિક મંચના સહયોગથી કવિશ્રી સુરેશ દલાલની યાદમાં 'સર્જક સાથે સાંજ' સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૧૮ ઓગષ્ટને શનિવારના રોજ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતી ગઝલના વિશ્વના બે ખ્યાતનામ ગઝલકારો ખલીલ ધનતેજવી અને રાજેશ વ્યાસે (મિસ્કીન) પોતાની પંકિતઓથી આગવી રીતે કવિ સુરેશ દલાલને શ્રધ્ધાંજલિ અર્પી હતી.

'તમે મન મૂકી વરસો, ઝાપટું આપણને નહિ ફાવે,
અમે હેલીના માણસ, માવઠું આપણને નહિ ફાવે.'
(ખલીલ)

'તારું કશું ન હોય તો છોડીને આવ તું,
તારું જ બધું હોયતો છોડી બતાવ તું.'
(મિસ્કીન)

બંને ગઝલકારો કવિની સ્મૃતિમાં ગઝલો દ્વારા મનમૂકીને વરસ્યા હતા. આ સાંસ્કૃતિક પ્રોગ્રામમાં મહેસાણાની પ્રજા આખી રાત ગઝલના રંગે રઢિયાળી બની હતી. મહેસાણાના ભાવિકોએ મન મુકીને કાર્યક્રમને માણ્યો હતો.

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા કબડ્ડીમાં રાજ્યકક્ષાએ રમશે

ગાંધીનગર, તા. ૨૪

જિલ્લાકક્ષાની અન્ડર-૧૪ (બાળવિભાગની) કબડ્ડી સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં મહર્ષિ આત્રિ માધ્યમિક શાળા પીંપળજ ટીમના ખેલાડીઓની ઉત્કૃષ્ટ દેખાવ કરીને રાજયકક્ષાની ટીમમાં પસંદ પામેલ છે. પટેલ કેવલ પ્રકાશભાઈ, મોરી વાસુદેવ કમલેશભાઈ, વાઘેલા મહેશ વિક્રમસિંહ, સોલંકી હરેશ શ્રવણભાઈનો રાજયકક્ષામાં સમાવેશ કરવામાં આવેલ છે. શાળાના ટ્રસ્ટી ભરતભાી, હર્ષદભાઈ પટેલ, આચાર્ય ભરતસિંહ રાઠોડે અભિનંદન પાઠવેલ છે.

રાંધેજા હાઈસ્કૂલમાં નોટબુકનું વિતરણ

ગાંધીનગર, તા.૨૪

જીઈબી ગાંધીનગર યુનિટ-૩ અને ૪ના ઓપરેટર મિત્રોના સહકારથી શ્રી જોઈતારામ શંકરદાસ પટેલ વિદ્યામંદિર ઈંગ્લીશ સ્કુલ રાંધેજાના કેજીથી ધોરણ-૮ સુધીના શાળાના બાળકોને વિના મૂલ્ટે નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાવરસ્ટેશનના એન્જીનીયર સંજયભાઈ ત્રિવેદી હાજર રહ્યા હતાં. આ પ્રસંગે વિદ્યાર્થીઓને આર્થિક પ્રોત્સાહન આપવા બદલ શાળા પરિવારે ખૂબ ખૂબ આભાર વ્યકત કર્યો હતો.

અંબાપુર પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાનનું પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૨૪

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજિત સી.આર.સી. કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૨ પોર સી.આર.સી.ની અંબાપુર પ્રાથમિક શાળામાં ઉજવાઈ ગયું.

આ પ્રદર્શન દ્વારા વિજ્ઞાનથી દુનિયાને સમજવા અને શોધ કરવાનો એક માત્ર માર્ગ છે તેમજ બાળકો રોજ-બરોજના પોતાના અનુભવનું નિરીક્ષણ કરી પોતાની ક્ષમતાઓ વિકસાવી શકે તથા બાળકો અને સામાન્ય માણસો વચ્ચે વિજ્ઞાનને લોકપ્રિય બનાવી શકાય તે માટે આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બહાદુરસિંહ સોલંકી તથા નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બારોટે બાળકો ઉત્તમ પ્રદર્શન કરી શકે તે માટે સાહેબ દ્વારા બાળકો અને શિક્ષકોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ ભાગ લેનાર પ્રાથમિક શાળાના બાળકોને ડિક્ષનરી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

સેકટર-૨૦ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને અરુણોદય ટ્રસ્ટે ઈનામ વિતરણ કર્યા

ગાંધીનગર, તા.૨૪

શ્રી અરુણોદય સેવા ટ્રસ્ટમાં આવેલી પ્રાથમિક શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે અને અભ્યાસ તેમજ ભણતર તરફ રુચી વધે તેવી ભાવના સાથે છેલ્લા ૧૦ વર્ષથી અરુણોદય સેવા ટ્રસ્ટ પ્રોત્સાહન પુરું પાડે છે.

ગત વર્ષમાં ધોરણ ૧ થી ૮માં વર્ગમાં પ્રથમ ત્રણ નંબરે આવનાર વિદ્યાર્થીઓને શ્રીમતી જયોત્સના બુચ તથા કુ. ચેતના બુચ, ઈલાબેન જોષી, જયશ્રીબેન સંપટ વગેરેએ ઈનામ વિતરણ કર્યા હતાં. શાળામાં મીણા ચિરાગ, રાઠોડ સિધ્ધરાજ, સુતરિયા પિંકલ, હેમાંગી મકવાણા, ગોહિલ અમિત, સુતરિયા ફાલ્ગુની, પૂજા રોહિત, ધ્રુવેશ પટેલ પ્રથમ આવનાર વિદ્યાર્થીઓ છે.

ઉપરાંત શાળાના શહેર, જિલ્લા અને રાજય કક્ષાએ વિવિધ હરિફાઈમાં પારિતોષિક મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓની કારકિર્દીમાં રસ લઈ તાલિમબધ્ધ કરવામાં ફાળો આપનાર શિક્ષકગણને અભિનંદન આપ્યા હતા અને આ કાર્યક્રમનાં સુંદર આયોજન બદલ બિરદાવ્યા હતાં.

સી.આર.સી. કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન સરઢવ કન્યાશાળા ખાતે યોજાયું

સી.આર.સી. કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન સરઢવ કન્યા શાળા ખાતે યોજાઈ ગયું. જેમાં ૬ શાળાઓમાંથી ૨૧ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. વિજ્ઞાન થીમ ઉપર અવનવા પ્રોજેકટ રજુ કરવામાં આવ્યા હતા.

આ પ્રદર્શનને નિહાળવા ગામમાંથી બહોળા પ્રમાણમાં ગામ લોકો આવ્યા હતા. ગામના સરપંચ અરવિંદભાઈ પટેલ તથા ગામના અન્ય આગેવાનોએ પ્રર્શનમાં ભાગ લીધેલા બાળકોને ઈનામ વિતરણ તથા આશીર્વચન આપ્યા હતાં. આ પ્રસંગે ગામના દાતા એવા ગિરિશભાઈ ચંદુભાઈ તરફથી બાળકોને મિષ્ટાન્ન સાથે ભોજન આપવામાં આવ્યું હતું. આ તબક્કે સી.આર.સી. કોઓર્ડિનેટરએ તમામ શિક્ષકો, આગેવાનો, આચાર્યશ્રી, દાતાઓ અને બાળ વૈજ્ઞાનિકોનો ભાવથી આભાર વ્યકત કર્યો હતો.

ઈન્ટરનેશનલ સ્કૂલના ૫૦૦ બાળકોએ વ્યસનમુકિતનો સંકલ્પ લીધો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર તાલુકાના રાંધેજા નજીક આવેલ ઈન્ટરનેશનલ સ્કુલના ૫૦૦ બાળકોએ આજે વ્યસનમુકિતની પ્રતિજ્ઞા લઈ વ્યસનમુકત સમાજની રચનાનો સંકલ્પ કર્યો હતો.

નશાબંધી મંડળ અને સરદાર પટેલ વ્યસન મુકિત હોસ્પિટલના સંયુકત ઉપક્રમે આજે યોજાયેલ આ કાર્યક્રમ નવતર પ્રકારનો હોવાથી વિદ્યાર્થીઓએ તેને રસપૂર્વક માણ્યો હતો અને વ્યસનમુકિતનો સંકલ્પ કર્યો હતો.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વ્યસનના દૂષણો અને વ્યસનમુકિતથી નવજીવન જેવા વિષયો પર ખૂબ જ સુંદર અને સંદેશાત્મક ચિત્રો દોર્યા હતા. આ ચિત્ર સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ તેમ જ ભાગ લેનારા દરેક વિદ્યાર્થીને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા હતાં.

વ્યસનમુકિત હોસ્પિટલના પ્રોજેકટ ડાયરેકટર શ્રી પ્રફુલ્લભાઈ નાયક, સામાજિક કાર્યકર શ્રી બાબુભાઈ પટેલ તથા નશાબંધી મંડળના ગાંધીનગર શહેર નિયોજક શ્રી નફીસાબેન ખલીલ કે જેમણે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું તેઓ ઉપસ્થિત રહ્યા હતાં.

વ્યસન એટલે શું? તે લેવાના કારણો, તેમાં ઉમેરાતા નૂકસાનકારક દ્રવ્ય, વ્યસન મુકત થઈ પુનઃસ્થાપન થઈ શકાય તે બધી માહિતી ડોકયુમેન્ટરી ફિલ્મ અને સ્લાઈડ શો દ્વારા આપવામાં આવી હતી. તેમજ તા. ૨૪-૮ અને ૨૫-૮ સુધી નશાબંધી પ્રદર્શન સ્કૂલમાં ગોઠવવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં સ્કૂલના પ્રિન્સીપાલ શ્રી વિકાસભાઈ, વાઈસ પ્રિન્સીપાલ ક્રિનાબેન, શિક્ષકગણ તેમજ ૫૫૦-૬૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન ટીચર શ્રી નેહા ધર્મદર્શીએ સફળતાપૂર્વક કર્યું હતું.

રાંધેજાની જે.એસ. પટેલ વિદ્યા મંદિરમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક રાંધેજા ગામની જે.એસ. પટેલ વિદ્યામંદિરમાં વન્ય જીવ સૃષ્ટિ સપ્તાહ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વન્ય જીવ સૃષ્ટિ સપ્તાહ અંતર્ગત વનચેતના દ્વારા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. 'વન્ય જીવ સૃષ્ટિ' વિષય પર વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો વકતવ્યમાં રજુ કર્યા હતા. વકતૃત્વ સ્પર્ધામાં જે.એસ. પટેલ વિદ્યામંદિર રાંધેજાની વિદ્યાર્થીની કું. અંજલી પી. પટેલે પ્રથમ તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ દ્વિતિય સ્થાન મેળવ્યું હતું. કું. અંજલીએ તાલુકા અને જિલ્લા કક્ષાએ પ્રથમ તેમજ દ્વિતિય સ્થાન મેળવતા સ્કુલના આચાર્ય, શિક્ષકગણ તેમજ રાંધેજાના ગ્રામજનોએ હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

ખાઈને નહીં પણ ખવડાવીને તૃપ્ત થતાં અનોખા આદમી : એન.પી. પટેલ

આગવો માણસ - આપણો માણસ

- કિશોર જીકાદરા

આપણે કેવા વિચિત્ર છીએ? મંગળના ગ્રહ પર જીવનની શકયતાઓ તપાસવા માટે અવકાશયાન મોકલવાની તૈયારી કરીએ છીએ પણ ભૂખમરાને કારણે મરી જતા માણસની નોંધ લેવાની દરાકાર કરતા નથી.! મંદિરની અંદર બિરાજેલા નારાયણના દર્શન માટે લાંબી લાંબી કતારોમાં ઊભા રહેવા માટે આપણી પાસે કલાકો છે અને મંદિરની બહાર કતારબંધ બેઠેલા દરિદ્ર નારાયણના દર્શન માટે આપણી પાસે એકાદ મિનિટનો સમય નથી ! આ દેશમાં ચોવીસ કલાક ધમધમતાં પંચતારક હોટેલોના રસોડાં પણ છે અને માંડ એક ટંક સળગી શકતા ચૂલાવાળા ઘરો પણ છે ! અહીં સૂપ, સ્ટાર્ટર, મેઈનકોર્સ અને ડિઝર્ટ સહિતના ફૂલ મેનુ છે અને ભૂખ્યાંપેટે સૂઈ જતાં ઈન્સાનો પણ છે ! પ્રશ્નો ગણા જટિલ છે પણ અનુભવે જોઈ શકાયું છે કે કાગળ પરના સરકારી આયોજનો કરતાં સંતો- મહંતો આ પ્રશ્ન ઉકેલવામાં વધુ મદદરૂપ થઈ શકયા છે. અન્નક્ષેત્રો આનાં ઉત્તમ ઉદાહરણો છે. કોઈપણ અન્નક્ષેત્રનો ઈતિહાસ ત્યાગની ભાવનાના પૃષ્ઠ ઉપર માયાળુ અક્ષરોથી લખાયેલો જોવા મળે છે. સૌરાષ્ટ્રની ભૂમિ સદાવ્રતો અને અન્નક્ષેત્રો માટે વિખ્યાત છે અને એમાંય જુનાગઢની ધરતી તો ખાસ. અહીં સંતો- મહંતોનો વાસ છે, સાધુ-બાવાઓ વિહાર કરે છે. જયાં યાત્રાળુઓની સંખ્યા બેસુમાર હોય ત્યાં દરિદ્ર નારાયણો તો હોય જ ને? હરિહર કરાવવા માટે બીજી આદર્શ જગ્યા કોઈ હોઈ શકે? હરિહરનો સાદો અર્થ છએ જમવું, પણ સૂક્ષ્મ અર્થ છે પોતાની પાસે રહેલા તમામ ભૂખ્યા જનોની સાથે જમવું. ગિરનાર રોડ પર આવેલી રામવાડી માંથી કોઈ ભૂખ્યું ન જવું જોઈએ એવો વણલખ્યો નિયમ છે. ગોદડીયા પરંપરની આ જગ્યાના મહંતશ્રી પ્રાગદાસ બાપુ આજે હયાત નથી. ૧૯૯૮માં દેવ થયા છે પરંતુ રામવાડીના વણલખ્યા નિયમોનું આજે અક્ષરસઃ પાલન થાય છે અને તેનો યશ જાય છે તેમના દીકરા નારણભાઈને ! નારણભાઈ પ્રાગદાસભાઈ પટેલ શ્રી સમર્થ પ્રાગદાસબાપા ગોદડિયા, રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, જૂનાગઢના મેનેજીંગ ટ્રસ્ટી છે.

પ્રાગદાસબાપુને ચાર દિકરા અને એક દિકરી. નારણભાઈ સૌથી નાના. પ્રાગદાસબાપુના આ દાનવીર દિકરાને આપણે સૌ અન.પી. પટેલ તરીકે વધુ સારી રીતે ઓળખીએ છીએ. ખોળામાં બેસીને બાપાની મુછો સાથે ગેલ કરવા મળ્યા હોય તેવા શૈશવની સ્મૃતિ એન.પી. પાસે નથી. કારણે કે એન.પી. પાંચ વર્ષના હતા ત્યારે જ પિતા પ્રાગદાસભાઈએ સંસાર ત્યાગી દીધો હતો! આજે તેઓ ગાંધીનગરમાં પાંચમાં પુછાય તેવા મોટા માણસ થઈ ગયા છે. સેકટર- ૨૮ની ઔદ્યોગિક વસાહતમાં આવેલી વેસ્ટર્ન એગ્રી સીડ્સ પ્રાઈવેટ લિમિટેડના તેઓ મેનેજીંગ ડાયરેકટર છે. મૂળ વતન પાટણ જિલ્લાના હારિજ તાલુકાનું જૂનામાંકા. વતનની રામમઢી, જૂનાગઢની રામવાડી અને ગાંધીનગરના વ્યવસાયિક સ્થળના અનાયાસે સર્જાઈ ગયેલા અધભુત ત્રિકોણ વચ્ચે એન.પી. પટેલના પિતાશ્રી પ્રાગટદાસ બાપુના સંસ્કારનો વારસો, સેવાના સિધ્ધાંતો અને પારિવારિક જવાબદારી એક કુશળ વહીવટકારની અદાથી સમતોલ રીતે નિભાવી રહ્યા છે ! મૂળે ખેડૂત પુત્ર. ઉચ્ચ અભ્યાસની પસંદગીમાં કૃષિને પસંદગી આપી. ૧૯૭૭માં જૂનાગઢની એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીના સ્નાતક થયા. કેલિફોર્નિયાની યુનિયન કાર્બાઈડ કંપનીમાં સેલ્સ ઓફિસર તરીકે જોડાયા. ૧૯૮૪માં યુનિયન કાર્બાઈડને રામરામ કર્યા. ઘરનો ધંધો કરવાનો વિચાર થયો. પિતાજી સમક્ષ પેટ્રોલ પંપ કરવાનો વિચાર મૂકયો. જે ધંધાની કમાણીના પાયામાં ભેળસેળ હોય તેવા ભેળસેળિયા ધંધાના પ્રસ્તાવ ઉપર પિતાજીએ એક ધડાકે ચોકડી મારી દીધી. ધોરાજી પાસે સુપેડી ગામ નજીક હાઈવે પર મોટેલ નીલગિરિ શરૂ કરી. હોટેલ સારી ચાલી. પરંતુ બાપુને જયારે બની આની ખબર પડી ત્યારે નારણભાઈને બોલાવીને કડક શબ્દોમાં કહ્યું, 'હું અહીં જૂનાગઢમાં લોકોને મફત રોટલા જમાડું છું અને તું જૂનાગઢના પાદરમાં રોટલા વેચે છે? પેટના ભરાતું હોય તો ફોડી નાંખ પણ રોટલા વેચવાનો વ્યવસાય તો ન જ કર.!' કડક સ્વભાવને કારણે નારણભાઈ પિતાજીને પ્રેમથી કડકસિંહ કહેતાં. કડકસિંહના કોમળ હૃદયમાં પુત્ર કારકિર્દી માટે ભરપુર ચિંતા હતી. સલાહ થઈ કે ખેડૂનો દિકરો છો તો ખેતીને લગતું કોઈ કામકાજ વિચારને ! લચપચતા શીરા જેવી સલાહ નારાણભાઈના ગળા નીચે એકદમ જ ઉતરી ગઈ. તેમણે વિચાર્યું, 'વધુ ઉત્પાદન આપે તેવા બિયારણો તૈયાર કરી દેશની અન્નની સમસ્યામાં સહકાર આપવો એ પણ એક દેશસેવા જ છે ને ?' પિતાજીના આર્શિવાદથી વેસ્ટર્ન એગ્રી સીડ્સ લિ. ધમધોકાર ચાલે છે પણ એન.પી. પટેલ ગાંધીનગરના આગવા માણસ કેમ બની શકયા છે એ વાત કરવા માટે આપણે પ્રાગદાસ બાપુનો ઈતિહાસ પુનઃ ઉખેળવો પડે તેમ છે!

એક અત્યંત ધર્મપરાયણ પરિવારમાં પ્રગાદાસભાઈનો જન્મ. જૂના માંકા ગામે આવતાં સંતો આ ઘરે અવશ્ય આવતા. ગોદડિયા પરંપરાના પ્રેમદાસ બાપા પણ આ ઘરનું આતિથ્ય માણવા આવતા. તે સમયે ભારતમાં અંગ્રેજી શાસન. પ્રાગદાસ એ જમાનામાં મેટ્રિક સુધી ભણેલા. સુખસાહ્યબીનો કોઈ પાર નહીં. આઝાદીની ચળવળમાં સક્રિય, પ્રભાવી વ્યક્તિત્વ અને તોફાની સ્વભાવને કારણે તેઓ માથાભારે બની ગયા હતા. વાલિયો લુંટારો એકાએક વાલ્મીકી ઋષિ બની જાય તેવો ચમત્કાર થયો. ગુરુ પ્રેમદાસ બાપુના કેટલાક વેણ પ્રાગદાસના હૃદય સોંસરવા નીકળી ગયાં. એક સમયનો ભૌતિકવાદમાં માનનારો માથાભારે પ્રાગદાસ પ્રેમદાસજીના સંસર્ગમાં રહીને સેવાભાવી સંત પ્રાગદાસ બાપુ તરીકે લોક હૃદયમાં અનોખી તસવીર ઉપસાવી ગયો. ગોદડિયા પરંપરામાં ટુકડારામનું આગવું મહત્વ છે. ટુકડો એટલે બાજરીના કે ઘઉંના આખા રોટલાનું ચોથિયું !બાપુ કહેતા કે ટુકડો શબ્દ નિરાભિમાનનુંપ્રતિનિધત્વ કરે છે તેથી ટુકડાની આપલેમાં ઉભય પક્ષની ગરિમા સુપેરે જાળવી શકાય છે. જુનાગઢની રામવાડી ખાતે ટુકડારામની આ પ્રણાલિકા મુજબ સાધુ, સંતો, ભક્તો અને ગરીબોને છેલ્લા પચ્ચીસેક વર્ષથી હરિહર કરાવાય છે. આ અન્નક્ષેત્ર પાછળ વાર્ષિક બારેક લાખનો ખર્ચ થાય છે. અને આ ખર્ચની મહદ જવાબદારી આપણા એન. કે પટેલ વહન કરી રહ્યા છે ! આ અન્નક્ષેત્ર ચલાવવાના ખર્ચની જોગવાઈ માટે તેમણે એક સુંદર વ્યવસ્થા ગોઠવી છે. એક પેકેટ દીઠ એક રૂપિયા લેખે બિયારણના જેટલા પેકેટનું વેચાણ થાય તેટલા રૂપિયા તેઓ રામવાડીના અન્નક્ષેત્ર માટે અલગ કાઢે છે. કમાણીમાંથી સેવારાશિ અલગ કાઢવાનો પોતાનો પુત્રનો આગવો અંદાજ સ્વર્ગમાં બિરાજેલા પ્રાગદાસબાપુને પ્રભાવિત કરી જાય તેવો છે! જુના માંકાની રામમઢી અને જૂનાગઢની રામવાડીના કાયમી અન્નક્ષેત્રોની સેવાનો ઝળહળતો મહાયજ્ઞ જોઈને પિતા પ્રાગદાસબાપુનો આત્મા કેટલો પ્રસન્ન થતો હશે તેની કલ્પના જ નારણભાઈને રોમરોમ પુલકીત કરી દે છે! નારણભાઈ કહે છે કે વડીલોના આર્શિવાદ જેવું સ્વર્ગીય સુખ આ દુનિયામાં બીજું કોઈ નથી ! એ હકીકત છે કે આ બંન્ને અન્નક્ષેત્રો પાછળ નારણભાઈના સિંહફાળાની જાણ ભાગ્યે જ કોઈને છે ! કારણ સ્પષ્ટ છે. નારણભાઈ ચાલાક છે. એક હાથે કરેલા દાનની ખબર તેઓ બીજા હાથને પણ પડવા દેતા નથી ! સમુહ ભોજનની વાત આવે ત્યારે વેપારી નારણભાઈ ધંધાના ગણિતને એક કોર મૂકી દે છે. એને સંભળાય છે માત્ર હરિહરનો સાદ અને આંખો સામે પ્રાગદાસબાપુની છબી ! પ્રાગદાસબાપુના પગલે પગલે ચાલનારા નારણભાઈ આજે તો પિતાથી પણ એક ડગલું આગળ નીકળી ગયા છે. બાપથી સવાયા બેટા માનસેવાની સાથોસાથ અબોલ પશુની સેવા કરવાની એકપણ તક ચુકતા નથી. તેઓ કહે છે તે ગૌમાતાની સેવા તો બધા કરે પણ જગતના તાતના ડાબા- જમણા બાહુ જેવા બળદોની સેવા વિશે કોઈ વિચારે છે ખરાં ? દુષ્કાળના સમયમાં બળદોને જીવાડવાનો કે બળદો અશકત કે અપંગ થઈ જાય ત્યારે મૃત્યુપર્યંત નિભાવવાનો ઉમદા વિચાર તો આપણા નારણભાઈ જ કરી શકે ! પોતાના વતન જૂનામાંકા ખાતે રામવાડીની જગ્યામાં તેમણે ગત વર્ષથી એક બળદની હોસ્ટેલ બનાવી છે. કોઈપણ ખેડૂત દુષ્કાળના સમયમાં કે માંદા, અશક્ત કે અપંગ બળદોને આ હોસ્ટેલમાં મૂકી શકે છે અને સારા વરસમાં કે ખેડૂ ચાહે ત્યારે પોતાના બળદો પાછા લઈ જઈ શકે છે. આ હોસ્ટેલમાં આવતા તમામ બળદના ઘાસચારાની વ્યવસ્થા અને દવાદારૂ કે પશુ ચિકિત્સાની સુવિધા નારણભાઈ પોતાના ખર્ચે કરી રહ્યા છે. બે હજાર બળદો રહી શકે તેવી વ્યવસ્થા કરી છે. બળદની હોસ્ટેલના આ નવતર પ્રયોગ દેશ અને દુનિયામાં અદ્વિતીય બની રહેશે તેમાં મીનમેખ નથી ! નારણભાઈનો પ્રાણીપ્રેમ ધીરે ધીરે રંગ લાવી રહ્યો છે. ગાંધીનગરમાં યોજાયેલા અશ્વ શૉ વખતે તમામ અશ્વોના ખાવાપીવાનો વિચાર તો નારણભાઈને જ આવી શકે ! લીલોસૂકો ચારો, ચણા, બાજરી, નારાણભાઈએ પૂરાં પાડી અશ્વોના આયોજકોને અચંબામાં નાંખી દીધા હતા. નારણભાઈ અશ્વ પ્રેમી છે. દિકરા જેવા વ્હાલા પવન નામના સફેદ અશ્વનું અવસાન થતાં નારણભાઈએ પોતાના ફાર્મમાં જ પવનની સમાધિ બનાવીને અશ્વ ઋણ ચૂકવાનો સંતોષ લીધો છે ! એવી જ રીતે કપિલા ગાય અને શ્વાન મેકસની સમાધિ પણ આ જ ફાર્મમાં છે. સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા ગાંધીનગર ઘ-૫ વિસ્તારમાં દર રવિવારે ઢોરોને લીલો ઘાસચારો નંખાય છે. હકીકતે ગાયોને ઘાસ નાંખવાની કાયમી જવાબદારી તો આપણા નારણભાઈએ સ્વીકારી લીધી છે! છેલ્લા વીસ વર્ષમાં દુષ્કાળના દિવસોમાં પોતાની જગ્યામાં ઢોરો રાખીને નારાણભાઈએ માલધારીઓને અને ખેડૂતોને એ કપરા દિવસો હસતા હસતા પાર કરાવી દીધા છે ! આ વર્ષે દુષ્કાળના ઓળા માથા પર મંડરાઈ રહ્યા છે. નારણભાઈની ચિંતા વધે એ સ્વાભાવિક છે. ઘૂંઘટ હોટેલ પાસેના પોતાના ફાર્મમાં દુષ્કાળ પૂરતો ઘાસચારો ઉગાડવાની તથા ખરીદીને ખવડાવવાની વ્યવસ્થા પણ નારણભાઈએ વિચારી લીધી છે ! ગાયોના આ પૂજારીએ એક ગૌશાળા પણ બનાવી છે જેમાં વિવિધ ઓલાદની ૪૫ ગાયો છે.

નારણભાઈનું સેવાનું ક્ષેત્ર મુખ્યત્વે અન્નદાનનું રહ્યું છે. સ્વર્ણિમ ગુજરાત ઉજવણી વર્ષના અંતિમ દિવસોમાં ગાંધીનગરમાં યોજાયેલી રામકથાના મહેમાનો અને શ્રોતાઓના પ્રસાદની માતબર જવાબદારી નારણભાઈની હતી. તેઓ કહે છે તે ચાર રસ્તા પર સિંગલ બંધ હોય ત્યારે કારના બંધ કાચની પેલેપારથી યાચક નજરે ઊભેલા ભિક્ષુકને કશુંક આપવાનું તો દૂર પણ કાચ ઉતારીને યોગ્ય જવાબ આપવાની દરકાર ન કરતા માણસો માટે કદાચ ઈશ્વર પોતાના કાચ ન ખોલે એવું પણ બને ! નારણભાઈના હૃદયની કારના કાચ ભૂખ્યા જનોનો જઠરાગ્નિ ઠારવા માટે સદાય ખુલ્લો છે પ્રામાણિકતા અને મહેનતના સરવાળાથી સંચિત કરેલું ધન સદ કાર્યોમાં ખર્ચવા માટે નારણભાઈ પાછું વાળીને જોવાનું શીખ્યા નથી ! સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાને તેઓ દર વર્ષે ૧૦૦ મણ ઘઉં દાન કરે છે. નારણભાઈ મોજમાં આવે ત્યારે વૃદ્ધાશ્રમો, અનાથાશ્રમો અને મૂકબધિર સંસ્થાના બાળકોને ભોજન કરાવે છે. ગાંધીનગરની લાયન્સ કલબ, રોટરી કલબ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા, કલા ગૂર્જરીના સભ્યો માટે જમણવારના કાર્યક્રમો યોજવાનો તેમને આનંદ આવે છે. નારણભી રોટલા ખવડાવવાના જબરા શોખીન છે. માણસ રોડ પરના ફાર્મના ઉદ્ઘાટન પ્રસંગે રાંધેજાની સ્કુલના વિદ્યાર્થીઓને જમાડ્યા. થોડા વર્ષો પહેલાં નારણભાઈએ સેકટર-૧ના મકાનનું વાસ્તુ કર્યું. નજીકની ઝૂંપડ પટ્ટીના ગરીબોને જમાડ્યા. થોડી મહેનત પડી પણ આ પ્લોટની જમીનના મૂળ માલિક એટલે કે જેની જમીન આ શહેર બનાવવા માટે સંપાદિત થઈ હતી તે ખેડૂત પરિવારને પણ શોધી કાઢ્યો. સહ કુટુંબ જમવાનું નોતરૂં આપ્યું. નારણભાઈને આવ્યો એવો વિચાર બીજા કોઈને આજ સુધી કેમ ન આવ્યો ? નારણભાઈ કેવળ વિચારોના જ નહીં, અમલના પણ માણસ છે. નારણભાઈને એકવાર વિચાર આવ્યો કે ચાલો જૂનાગઢમાં ખેતીવાડી કોલેજમાં ભણતા હતા તે વખતા સહાધ્યાયીઓએ એકઠાં કરીએ ! કર્યા, સહકુટુંબ એકઠાં કર્યા. ફાર્મ ઉપર જૂના સ્મરણો તાજાં કર્યા, ખેતીવાડી ક્ષેત્રે સંશોધનોના અવકાશ પરત્વે બૃહદ ચર્ચાઓ કરી. પોતાના ખર્ચે સૌને જમાડ્યા.

એક કરૂણ અકસ્માતમાં બાલ્યાવસ્થામાં ઈશ્વરને પ્યારા થઈ ગયેલાં બે ભત્રીજાઓ અનંત અને હર્ષદના સ્મણાર્થે જૂનામાંકા ખાતે તેમણે અનંતહર્ષ હાઈસ્કુલ શરૂ કરી છે. અહીં કોઈ ફી લેવાતી નથી. બલ્કે ચોપડા, નોટબુક - કંપાસ જેવી ચીજ વસ્તુઓ મફત અપાય છે. ગરીબ અને જરૂરતમંદ વિદ્યાર્થીને નોટબુક અને ચોપડાનું વિતરણ કરે છે. નારણભાઈ સાત્વિક વિચારના અને ધર્મપ્રેમી છે. ગાંધીનગરના ધાર્મિક સ્થળો માટે દાન આપવામાં તેઓ વિશેષ રસરૂચિ દાખવે છે. પોતાના ખેતરમાં એક પુજારીને હનુમાનજીનું મંદિર બનાવી દીધું છે. તેઓ દર વર્ષે ગાંધીનગરથી પગપાળા સંઘ લઈને જૂનાગઢ જાય છે. અને રામવાડીની જગ્યામાં તમામ યાત્રાળુઓને ભોજન કરાવીને શિવરાત્રિની અનોખી ઉજવણી કરે છે. તેમણે પ્રાગદાસબાપુની હાજરીમાં રામમઢી, જૂનામાંકા ખાતે મોરારીબાપુની રામકથાનું આયોજન પણ કર્યું છે. સેકટરની નવરાત્રિ સમિતિના તેઓ પ્રમુખ છે. યાર દોસ્તો સાથે ધૂળેટી રમવાનું તેમને ગમે છે. ગુજરાત સ્ટેટ સીડ્સ એસોસીએશનના તેઓ પ્રેસીડેન્ટ અને નેશનલ સીડ્સ એસોસીએશનના વાઈસ ચેરમેન છે. તેમને ૧૯૯૯માં કૃષિસેવા એવોર્ડ, ૨૦૦૫માં નેશનલ એચીવમેન્ટ એવોર્ડ ફોર કોર્પોરેટ લીડરશીપ અને ૨૦૧૦માં સરદાર પટેલ વેસ્ટર્ન સીડ્સ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. તેમણે સીડ્સ ઉત્પાદન સંબંધી ૪૮ વિદેશ પ્રવાસો કર્યા છે. કલાગૂર્જરી, ગાંધીનગરના પ્રમુખ છે, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના ટ્રસ્ટી છે.

હવે કહો, પ્રાગદાસબાપુના સંસ્કારોના વારસાનું અણીશુદ્ધ જતન કરી રહેલા આપણા એન.પી. પટેલ ગાંધીનગરના આગવા માણસ ખરા કે નહીં?

પ્રાગદાસબાપુની અમૃતવાણી : જે આપે અન્નનો ટુકડો તેનો હરિ થાય ઢુંકડો...